**તાપમાન**

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી

લઘુતમ : ૧૮.૮ ડીગ્રી

ભેજ

સવારે ૫૦ ટકા ● સાંજે ૨૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૫૮ | ૧૦ માર્ચ, ૨૦૧૬, ગુરૂવાર ; ફાગણ સુદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ઉત્તરપ્રદેશ : શિલાને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરવાની તૈયારી
- અનુપમ ખેર રિયલ લાઇફ વિલન જ છે : આદિત્યનાથ
- વિજય માલ્યા દેશ છોડી ફરાર : સરકાર
- જાટ વિવાદને મંત્રણાથી ઉકેલી લેવાશે : રાજનાથ
- અર્ધલશ્કરીદળમાં નોકરીને લઇને જવાનો ભારે પરેશાન
- ડોન દાઉદ પાકિસ્તાનમાં હાલ છુપાયો છે : અહેવાલ
- ભારત-પાકિસ્તાનની મેચ કોલકત્તામાં રમાઇ શકે છે
- બાજારમાં તોજી : સેન્સેક્સમાં વધુ ૧૩૫ પોઇન્ટનો સુધારો
- બદનક્ષી કેસ : કેજરીવાલની સામે અંતે સમન્સ જારી

# રેલવેના નાના હોલ્ટને બંધ કરવા તૈયારી

**સ્ટેશનોથી નહીવત સમાન આવક છતાં ટ્રેનોના સ્ટોપથી નુકસાન : લાંબા અંતરની ટ્રેનોને નાના સ્ટેશન ઉપર રોકવાથી હજારો રૂપિયાનું નુકસાન થઇ રહ્યુ છે જેથી આ નુકસાનને અટકાવવા રેલવે દ્વારા કમર કસવામાં આવી**



નવી દિલ્હી,તા. ૯

રેલવે દ્વારા નાના નાના સ્ટેશન પર લાંબા અંતરની ટ્રેનોને રોકવા માટેની વ્યવસ્થાને ખતમ કરવાની તૈયારીમાં છે. ટુંક સમયમાં જ આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. ઘણા વર્ષોથી રેલવે દ્વારા દબાણ સમક્ષ ઝુંકીને નાના નાના સ્ટેશન પર ટ્રેનને રોકવાની પરંપરા અપનાવી હતી. જો કે હવે રેલવે આને બંધ કરવા માંગે ચે. આ નાના સ્ટેશન પરથી નહીવત અથવા તો ખુબ ઓછી આવક થઈ રહી હોવા છતાં ટ્રેનોને રોકવામાં આવી રહી હતી.આના કારણે રેલવેને નુકસાન ઉઠાવવાની ફરજ પડી રહી હતી. છતાં રેલવે આને સામાજિક જવાબદારી સમજીને નુકસાન ઉઠાવી રહ્યુ હતુ. જો કે હવે સ્થિતી બદલી નાંખવા માટેની તૈયારી કરી છે. એક મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનને બે મિનિટ માટે રોકવા પર કેટલો ખર્ચ આવે છે તેને લઈને રેલવે મંત્રાલય દ્વારા ગણતરી કરવામાં આવી રહી છે. રેલવે દ્વારા પોતાના મેનેજમેન્ટને ટ્રેનોના હોલ્ટના મામલે ફેરમુલ્યાંકન કરવા માટે કહેવામાં આવ્યુ છે.આમાં ડીઝલ અને ઈલેક્ટ્રિક બન્ને ટ્રેનોનો સમાવેશ થાય છે. તપાસમાં જાણવા મળ્યુ છે કે ટ્રેનના કોચના હિસાબની દ્રષ્ટિએ બે મિનિટ માટે ટ્રેન રોકાવવાનો ખર્ચ અલગ

● અનુસંધાન પાન-૭ પર

## કેજરીવાલ સરકાર યશવંત સિંહાની સલાહ મેળવે છે

**દિલ્હી બજેટ માટે માર્ગદર્શક બનાવાયા છે : ભાજપે પોતાના વરિષ્ઠ નેતા યશવંતસિંહાની અવગણના કરી છે પણ કેજરીવાલ તેમની મદદ લઇ રહ્યા છે : રિપોર્ટ**



નવી દિલ્હી,તા. ૯

ભાજપે પોતાના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણાંપ્રધાન યશવંતસિંહાની અવગણના કરી છે પરંતુ મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે તેમને દિલ્હીમાં બજેટ માટે માર્ગદર્શક બનાવી લીધા છે. દિલ્હીના બજેટ માટે યશવંતસિંહા પાસેથી કેજરીવાલ સરકાર જરૂરી ટિપ્સ મેળવી રહી છે. દિલ્હી સરકાર હાલમાં બજેટ તૈયાર કરવાની કામગીરીમાં લાગેલી છે. આ કામગીરીમાં યશવંતસિંહા ગાઈડ તરીકેની ભૂમિકામાં છે. સુત્રોએ કહ્યુ છે કે એએપીના દિલ્હી ડાયલોગ કમીશન સલાહ માટે સિંહાના સંપર્કમાં છે. દિલ્હી સરકાર ૨૮મી માર્ચના દિવસે બજેટ રજૂ કરનાર છે. નાયબ મુખ્યપ્રધાન મનીષ

● અનુસંધાન પાન-૭ પર

# વર્લ્ડ કલ્ચર ફેસ્ટિવલને અંતે મંજુરી




**યમુના નદીના કિનારે વિશ્વ સાંસ્કૃતિક કાર્યક્રમને એનજીટીની મંજુરી : એનજીટી દ્વારા કેટલીક સૂચનાઓ પણ આપી : ડીડીએ પાંચ લાખ અને આર્ટ ઓફ લિવિંગ પર ૫ કરોડનો દંડ લાદવામાં આવ્યો : પર્યાવરણ પ્રત્યે સૂચના**

નવી દિલ્હી,તા. ૯

યમુના નદીના કિનારે શ્રીશ્રી રવિશંકર દ્વારા આયોજિત વિશ્વ સાંસ્કૃતિક મહોત્સવને આખરે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (એનજીટી)ની મંજુરી મળી ગઈ છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલતી અટકળોનો અંત આવી ગયો છે. શ્રીશ્રી રવિશંકરની સંસ્થા આર્ટ ઓફ લિવિંગ દ્વારા આયોજિત વર્લ્ડ કલ્ચર ફેસ્ટિવલને

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતના જનપ્રતિનિધિઓના ખર્ચમાં ૧૫.૫ ટકાનો વધારો

ગાંધીનગર, તા.૯

ગુજરાત સરકારનું સંચાલન કરતા પ્રતિનિધિઓના પગાર ભથ્થા અને અન્ય ખર્ચમાં સરેરાશ ૧૫.૫૦ ટકાનો વધારો થયો છે. આગામી વર્ષ ૨૦૧૬-૧૭માં આ પ્રતિનિધિઓ સરકારી તિજોરીમાંથી અંદાજે ૪૨ કરોડ રૂપિયા વાપરી નાંખશે

મંત્રી પરિષદ કરતા પરિષદના મંત્રીઓ, સંસદીય સચિવોના અંગત સ્ટાફનો ખર્ચ સૌથી વધુ ૧૫.૭૫ કરોડ રૂપિયા થવા જાય છે જયારે સૌથી ઓછો ૬ લાખનો વાર્ષિક ખર્ચ ભૂતપૂર્વ ચીફ મિનિસ્ટરોના અંગત સ્ટાફ પાછળ ખર્ચાશે.

રાજય સરકારમાં ચીફ મિનિસ્ટર, કેબીનેટ મંત્રીઓ અને રાજય કક્ષાના મંત્રીઓ પાછળ સરકાર ૪.૬૪ કરોડનો ખર્ચ કરશે. જેમાં મંત્રીઓના પગાર પાછળ ૩.૨૧ કરોડનો ખર્ચ થશે. મંત્રી પરિષદના કુલ ખર્ચમાં ચાર વર્ષે ૧.૩૨ કરોડનો ચોખ્ખો વધારો થયો છે.

રાજયના શાસક પક્ષ અને વિપક્ષ સહિતના ધારાસભ્યોનો પગાર ભથ્થાં ખર્ચ ૧૫ કરોડ રૂપિયા થવાનો છે જે ત્રણ વર્ષ પૂર્વે ૧૧ કરોડ રૂપિયા હતો જયારે ગુજરાતના રાજયપાલ અને રાજભવન પાછળ સરકાર વર્ષે ૬.૬૬ કરોડનો ખર્ચ કરશે.

### ખર્ચમાં ૧૫.૫૦ ટકાનો વધારો થશે

| | |
|---|---|
| સીએમ-મંત્રીઓના પગાર | ૩,૨૧,૦૦,૦૦૦ |
| આતિથ્ય ખર્ચ | ૦૧,૫૦,૦૦૦ |
| પ્રવાસ ખર્ચ | ૧,૨૦,૦૦,૦૦૦ |
| અન્ય ખર્ચ | ૨૨,૦૦,૦૦૦ |
| મંત્રીઓનો અંગત સ્ટાફ | ૧૫,૭૫,૦૦,૦૦૦ |
| એકસ સીએમનો ખર્ચ | ૬,૦૦,૦૦૦ |
| એમએલએ પગાર | ૧૫,૦૦,૦૦,૦૦૦ |
| વિરોધ પક્ષના નેતા | ૯૧,૨૫,૦૦૦ |
| ચીફ વ્હીપનો ખર્ચ | ૧,૩૦,૩૫,૦૦૦ |
| રાજભવન ખર્ચ | ૬,૬૬,૫૬,૦૦૦ |

અંદાજે ૪૨કરોડનો વાર્ષિક ખર્ચ થશે.

# નવા રોકાણો આકર્ષવામાં ગુજરાત દેશમાં અગ્રેસર

**નેશનલ કાઉન્સીલ ઓફ એપ્લાઈડ ઈકોનોમીક રીસર્ચના સર્વેમાં ગુજરાતને શ્રેષ્ઠ રાજયની હરોળમાં મુકવામાં આવ્યું**

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન રટેલના દૃષ્ટીવંત નેતૃત્વમાં ગતિશીલ ગુજરાત નવા રોકાણો આકર્ષવામાં દેશનું અગ્રેસર રાજય બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતે પોલિટીકલ સ્ટેબિલીટી-રાજકીય સ્થિરતા તથા ગર્વનન્સ સુશાસન અને સાનુકુળ બિઝનેસ માટેના વાતાવરણ જેવી બાબતોમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

નવી દિલ્હી ખાતેની પ્રતિષ્ઠિત ઈકોનોમિક રિસર્ચ સંસ્થા-નેશનલ કાઉન્સીલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ-એનસીએઈઆર દ્વારા દેશના ૨૦ રાજયો અને એક કેન્દ્રશાસીત પ્રદેશમાં કરવામાં આવેલા સર્વેમાં ગુજરાતે અગ્રીમ સ્થાન મેળવ્યું છે.

આ સર્વેમાં સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ પોટેન્શીયલ ઈન્ડેક્ષ તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં મુખ્ય પાંચ પરિબળો લેબર, ઈન્ફ્રાસ્ટ્રકચર, ઈકોનોમિક કલાયમેટ, પોલિટીકલ સ્ટેબિલીટી અને ગર્વનન્સ તથા સાનુકુળ બિઝનેસ માટેના વાતાવરણની બાબતોને ધ્યાને લેવામાં આવેલી છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે તાજેતરમાં ગુજરાતને વર્લ્ડ બેંકના માપદંડો અનુસાર ઈઝ ઓફ ડ્રૂઈંગ બિઝનેસમાં પ્રથમ સ્થાન મળેલું છે.


**એકાઉન્ટન્ટ જોઈએ છે.**

**B-Mart Super Market,** સિધ્ધરાજ ઝોરી, સરગાસણ ચોકડી, ખ-૦, ગાંધીનગર ખાતે અનુભવી એકાઉન્ટન્ટ અથવા Raymedi Softwareમાં Bill Purchase Entryના જાણકાર જોઈએ છે. બાયોડેટા સાથે રૂબરૂ મળો.

મો. 9825151277. 9712937469


